# બનાસકાંઠા જિલ્લા અને ૧૨ તાલુકા પંચાયતના પરીણામો જાહેર

## જીલ્લા પંચાયતમાં કોંગ્રેસ જ્યારે ૭ પંચાયતોમાં ભાજપ અને ૪ પંચાયતોમાં કોંગ્રેસનો વિજય : એક માત્ર દાંતીવાડા પંચાયતમાં ભાજપ-૭ અને કોંગ્રેસ-૭ બેઠક મેળવતાં વિજેતા અપક્ષ ઉમેદવાર પર રાજકારણ ગરમાયું

ડીસા/પાલનપુર, તા. ૧૯

બનાસકાંઠા જીલ્લા પંચાયતની ૫૩ બેઠક અને ૧૨ તાલુકા પંચાયતની ૨૬૬ બેઠકની યોજાયેલ ચુંટણીમાં ૧૭ ફેબ્રુઆરીએ મતદાન યોજાયુ હતું. જેમા આજરોજ વિવિધ મત ગણતરીના કેન્દ્રો ખાતે મત ગણતરી યોજાઇ હતી. જેમાં બપોર સુધીમાં જીલ્લા પંચાયત અને તમામ તાલુકા પંચાયતોના પરીણામો જાહેર થયા હતાં. જેમાં જીલ્લા પંચાયતમાં કોંગ્રેસનો પંજો છવાયો હતો. જ્યારે ૧૨ તાલુકા પંચાયતો પૈકી ૭ પંચાયતોમાં ભાજપનો ભગવો લહેરાયો હતો. જ્યારે ૪ પંચાયતોમાં કોંગ્રેસનો વિજય થયો હતો. જ્યારે દાંતીવાડાની તાલુકા પંચાયતના જાહેર થયેલા હતું. જેની આજરોજ મત ગણતરી હાથ ધરાતા બપોર સુધીમાં તમામ બેઠકોના પરીણામો જાહેર થયા હતાં. જેમા જીલ્લા પંચાયતની ૫૩ બેઠકોમાં ૨૮ બેઠકો કોંગ્રેસને જ્યારે ૨૬ બેઠકો ભાજપ ફાળે જતાં બનાસકાંઠા જીલ્લા પંચાયત પર પુનઃ કોંગ્રેસનો પંજો લહેરાયો હતો. જ્યારે ૧૨ તાલુકા પંચાયતોના જાહેર થયેલા પરીણામોમાં દિયોદર ભાજપ-૧૨ , કોંગ્રેસ-૭, દાંતીવાડા ભાજપ-૭ કોંગ્રેસ-૭ તથા અપક્ષ-૧, વડગામ ભાજપ-૭ કોંગ્રેસ-૧૮, અમીરગઢ ભાજપ-૬ કોંગ્રેસ-૧૧, વાવ ભાજપ-૧૪ કોંગ્રેસ-૯, પાલનપુર ભાજપ-૨૦ કોંગ્રેસ-૯, કાંકરેજ ભાજપ-૧૯ કોંગ્રેસ-૬, થરાદ ભાજપ-૨૦ કોંગ્રેસ-૬ અપક્ષ-૧, ભાભર



તસ્વીરઃ-કાંતીલાલ લોધા, ડીસા

પરીણામોમાં ૭ સીટ પર ભાજપ જ્યારે ૭ સીટ પર કોંગ્રેસ અને ૧ સીટ પર અપક્ષ ઉમેદવાર વિજેતા બનતા આ પંચાયતમાં અપક્ષની ભુમિકા નિર્ણાયક બની છે.

બનાસકાંઠા જીલ્લામાં તાજેતરમાં યોજાયેલ વિધાનસભાની ચુંટણી બાદ સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીઓમાં જીલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયતોની ચુંટણીઓ યોજાઇ હતી. બનાસકાંઠા જીલ્લા પંચાયતની ૫૫ બેઠકોમાં ૧ બેઠક બીન હરીફ થતા તેમજ ડીસા તાલુકાના વાસણા (જુ.ડી.) બેઠકના ઉમેદવારનું અકસ્માતમાં મોત થતા ૫૩ બેઠક માટે ૧૩૨ ઉમેદવારોએ ચુંટણી જંગમાં ઝંપલાવ્યું હતું. જ્યારે ૧૨ તાલુકા પંચાયતની ૨૭૨ બેઠકો પૈકીની ૨૬૬ બેઠકો માટે ૬૧૩ ઉમેદવારો વચ્ચે ચુંટણી જંગ ખેલાયો હતો. આ તમામ બેઠકો માટે ગત ૧૭મી ફેબ્રુઆરી ૨૦૧૩ રવિવારના રોજ મતદાન યોજાયું ભાજપ-૮ કોંગ્રેસ-૫ અપક્ષ-૧, ધાનેરા ભાજપ-૭ કોંગ્રેસ-૧૪, દાંતા ભાજપ-૮ કોંગ્રેસ-૧૨ અપક્ષ-૧ તેમજ ડીસા ભાજપ-૧૭ કોંગ્રેસ- ૧૭ અપક્ષ-૧ તાલુકા પંચાયતની યોજાયેલી ચુંટણીમાં વિજેતા બન્યા હતાં. જીલ્લાની ૧૨ તાલુકા પંચાયતોના જાહેર થયેલા પરીણામોમાં ભાજપે દિયોદર, વાવ, પાલનપુર, કાંકરેજ, થરાદ, ભાભર તથા ડીસાની તાલુકા પંચાયતો કબજે કરેલ છે. જ્યારે કોંગ્રેસે વડગામ, અમીરગઢ, ધાનેરા તથા દાંતાની તાલુકા પંચાયતો કબજે કરેલ છે. જ્યારે એક માત્ર દાંતીવાડા તાલુકા પંચાયતમાં ભાજપ-૭ અને કોગ્રેસે પણ ૭ બેઠકો મેળવતાં અપક્ષ તરીકે વિજેતા બનેલ ઉમેદવાર સત્તા-સુત્રો માટે નિર્ણાયક બનેલ છે. જોકે આજરોજ મત ગણતરી શાંતીપુર્ણ રીતે સંપન્ન થતા જીલ્લા વહીવટી તંત્રે પણ રાહતનો શ્વાસ લીધેલ છે.

# આજથી બે દિવસ માટે એસ.ટી.ના પૈંડા થંભી જશે

મહેસાણા, તા. ૧૯

તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા ડીઝલમાં થયેલ ભાવ વધારાને કારણે એસ.ટી.નિગમ પર વાર્ષિક ૩૫૦ કરોડ રૂપિયાનો બોજો ઉભો થતાં આના વિરોધમાં ટ્રાન્સપોર્ટ ઉદ્યોગના કર્મચારીઓની દેશવ્યાપી હડતાળના એલાન મુજબ એસ.ટી.ના માન્ય ત્રણેય યુનિયનોએ તા. ૨૦ અને ૨૧ ફેબ્રુઆરીના રોજ બે દિવસ માટે સામૂહિક હડતાળ પર જવાનો નિર્ણય કર્યો છે.

મહેસાણા એસ.ટી. વિભાગના એસ.ટી. વર્કસ ફેડરેશન (મજૂર મહાજન)ના હોદ્દેદારો પી.કે. પટેલ, ડાહ્યાભાઈ ચૌધરી, ગીરીશભાઈ પટેલ અને મુકેશભાઈ પટેલે એક સંયુક્ત યાદીમાં જણાવ્યું છે કે, તાજેતરમાં કેન્દ્ર સરકારે ડીઝલના ભાવ વધારી દેતાં એસ.ટી. નિગમ પર નવો બોજો થયો છે. નિગમ દરરોજ પાંચ લાખ લીટરથી વધુ ડીઝલનો વપરાશ કરે છે. જેથી નિગમ પર રોજીંદા ૯૭ લાખ રૂપિયાનું ભારણ વધી ગયેલ છે. કેન્દ્ર સરકારે ખાનગી રીટેલર એટલે કે ઓછો વપરાશ કરનારાઓ માટે લીટરે ફક્ત ૫૦ પૈસા વધારો કરેલ છે. પરિણામે નિગમની આવક પર વિપરીત અસર પડે તેવી સ્થિતિ પેદા થઈ છે. આમ કેન્દ્ર સરકારનો ઈરાદો ખાનગીકરણ તરફી હોય તેવું સ્પષ્ટ થાય છે. આવી સ્થિતિમાં આગામી સમયમાં નિગમના તમામ કર્મચારીઓ માટે નોકરીની સલામતી જોખમાય તેમજ કર્મચારીઓના રોજી રોટીના પ્રશ્નો ઉભા થાય તેમ છે.

આ સાથે શ્રમિક કાયદાઓનું કડક પાલન, પી.એફ.નો વ્યાજ દર વધારવા, ફિક્સ પગારધારાને પુરૂ વેતન આપવા, પેન્શન સ્કીમની રકમ વધારવા, જાહેર સેવા સાહસોનું ખાનગીકરણ બંધ કરવા, ડ્રાઈવર કમ કંડકટર કક્ષાના કર્મચારીઓ પાસેથી કાયમી ધોરણે એક જ કક્ષાની ફરજ લેવી, છઠ્ઠા પગાર પંચનો અમલ કરીને તેના લાભો આપવા, રોજમદાર પાર્ટ ટાઈમ તરીકે કરાર કામ કરતા કામદારોને કાયમી કરવા જેવા પ્રશ્નોના ઉકેલને લઈને નિગમના માન્ય ત્રણેય સંગઠનોએ સંયુક્ત રીતે નિર્ણય લઈ તા. ૧૯-૨-૨૦૧૩ની મધ્યરાત્રિ સુધી સામૂહિક હડતાળ ઉપર જવાનો નિર્ણય કરેલ છે. હડતાળના આદેશને સફળ બનાવવા પણ અપીલ કરવામાં આવી છે. ડીઝલના કમરતોડ ભાવ વધારાથી નિગમને બચાવવામાં એસ.ટી. ઓફિસર્સ એસોસિએશન યુનિયન પણ સંકલન સમિતિને સૈદ્ધાંતિક ટેકો આપેલ છે.

# જામનગર જિલ્લાના ૨૧૦ પ્રાથમિક શિક્ષકોને ન્યાય ક્યારે મળશે ?

પાલનપુર, તા. ૧૯

વિદ્યાસહાયક તરીકે પ્રાથમિક શિક્ષક તરીકે જોડાયા બાદ નિયમ મુજબ કાયમી થયેલા પ્રાથમિક શિક્ષકોનો ત્રણ વર્ષ બાદ હજુ પણ પેન્શન યોજનામાં સમાવેશ ના થતાં આવા શિક્ષકો મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી પાસે ન્યાય માગી રહ્યા છે.

ગુજરાતના વિવિધ જિલ્લાઓના વતની એવા ૨૧૦ જેટલા શિક્ષકો જામનગર જિલ્લાની વિવિધ પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવી રહ્યા છે. ૨૦૧૦માં કાયમી થયેલા શિક્ષકોને નવી વર્ધિત પેન્શન યોજના અન્વયે પ્રાથમિક શિક્ષકોના કાયમી ખાતા નંબર મેળવવાની દરખાસ્ત છેલ્લા ત્રણ વર્ષથી જામનગર શિક્ષણાધિકારીની કચેરી અને પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી ગાંધીનગર વચ્ચે ઝોલા ખાઈ રહી છે.

પ્રાથમિક શિક્ષકોને આ અંગે થનાર નુકશાન માટે કુદરતી ન્યાયના સિદ્ધાંત પ્રમાણે જવાબદાર અધિકારી કે કર્મચારી કોણ ? આવા બે જવાબદાર કર્મચારી સામે પગલાં લેવાશે કે નહીં.

પ્રાથમિક શિક્ષણ નિયામક શ્રી ગાંધીનગર દ્વારા ગત તા. ૧૬-૫-૨૦૧૨ના રોજ પૂર્તતા કરી ફાઈલ મોકલવા પત્ર લખાયો હોવા છતાં નવ મહિનાનો સમય થવા છતાં જામનગર શિક્ષણાધિકારીની કચેરી હજુ કુંભકર્ણની નિંદ્રામાં સુઈ રહી છે.

આ ૨૧૦ શિક્ષકો તેમના ભાગે જમા કરવાની જે રકમ ત્રણ વર્ષની સાગમટે આવશે તે કેટલી આર્થિક મુશ્કેલી ઉભી કરશે. આ ફાઈલની મંજુરીને જેટલો વિલંબ થશે તેટલું વધુ આર્થિક ભારત શિક્ષકો ઉપર આવશે.

રાજયના રાજયકક્ષાના શિક્ષણમંત્રી તરીકે જ્યારે જામનગરના જ પ્રતિનિધિ વસુબેન ત્રિવેદી હોય ત્યારે તેમના જ જિલ્લાના ૨૧૦ પ્રાથમિક શિક્ષકોને નવી વર્ધિત પેન્શન યોજના અન્વયે કાયમી પેન્શન ખાતા મેળવવાની દરખાસ્તને ત્વરિત મંજુરી મળે તે માટે તેઓ તેમના જ હોમટાઉનના શિક્ષણાધિકારીનો કાન આમળશે.

## સાબરકાંઠા જિલ્લાના સવગઢ ખાતે વડાપ્રધાનના ૧૫ મુદ્દા અંગે શિબિર યોજાઈ

હિંમતનગર, તા.૧૯

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના સવગઢ મુકામે મદની સોસાયટીમાં ભારતીય લઘુમતીના આર્થિક સામાજીક અને શૈક્ષણિક વિકાસ માટે વડાપ્રધાને નવો ૧૫ મુદ્દાનો કાર્યક્રમ બનાવેલ છે. આ કાર્યક્રમની માહિતી આપવા માટે વિકાસ અમદાવાદ, જનહિત સેવા ટ્રસ્ટ હિંમતનગર તથા સુચિત નવનિર્માણ યુવા મંડળ હિંમતનગરના સહિયારા પ્રયત્નથી આ કાર્યક્રમ તા. ૧૬-૨-૨૦૧૩ના રોજ યોજાઈ ગયો. આ કાર્યક્રમની વિવિધ યોજનાની માહિતી પુરી પાડવા માટે જનવિકાસના સીઈઓ વિજયભાઈ પરમાર તથા કોઓર્ડિનેટર હોઝેફાભાઈ તથા પરવેઝ સંસ્થાના ખેરૂનશાબેન ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં હિંમતનગરની આસપાસના ગામોમાંથી મુસ્લિમ આગેવાનો આવ્યા હતા. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ખાદીમભાઈ લાલપુરી, સાબરકાંઠા જિલ્લા મુસ્લિમ સંકલન સમિતિના પ્રમુખો ભારતીય લઘુમતીઓના આર્થિક, સામાજીક અને શૈક્ષણિક વિકાસ માટે વડાપ્રધાને નવા ૧૫ મુદ્દાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

# હિંમતનગરમાં મહિલા સ્વરક્ષણ માટે તાલિમ અને સેમીનારનું આયોજન

હિંમતનગર, તા. ૧૯

હિંમતનગર શહેરના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે આજે સવારે મહિલા પોલીસ અને કોલેજની વિદ્યાર્થિનીઓ માટે સ્વરક્ષણ શિબિરની શરૂઆત થઈ છે. જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ ગુજરાત સરકાર દ્વારા યુવતિઓ અને મહિલાના સ્વરક્ષણ માટે કરાટે સહિત વિવિધ કરતબોનું માર્ગદર્શન અને ટ્રેનિંગ મહિલા પોલીસ અને વિદ્યાર્થિનીઓને આપવામાં આવી રહી છે. કોલેજની આ વિદ્યાર્થિનીઓ ટ્રેનીંગ બાદ કોલેજની અન્ય વિદ્યાર્થિનીઓને પણ શીખવાડશે. આ અંગે મહિલા પોલીસ મથકના પી.આઈ. કે.આર. ડાભી અને ડી.વાય.એસ.પી. ભક્તિબા ડાભીએ જણાવ્યું હતું કે મહિલા સાથે બળાત્કાર અપહરણ કે છેડતી જેવા બનાવો બને તે સમયે તાત્કાલિક સંપર્ક ક્યા કરવો તેની માહિતી આપી હતી અને જિલ્લા મહિલા પોલીસે ટ્રાફિક પોલીસની મદદ લઈને જાહેર સ્થળો અને તમામ રિક્ષાઓ ઉપર મદદ માટેનો ટોલ ફ્રી ૧૦૯૭ નંબર સાથેનું સ્ટીકર લગાવવામાં આવ્યું છે. વધુમાં આ ટ્રેનીંગ કેમ્પ ૧૯ થી ૨૨ ફેબ્રુઆરી સુધી ચાલવાનો છે. તેમાં મહિલા પોલીસ કર્મચારીઓ અને શહેરની વિવિધ કોલેજની વિદ્યાર્થિનીઓ ભાગ લઈ રહી છે. આ ઉપરાંત શહેરના ડૉ. નલીનકાંત ગાંધી ટાઉનહોલ ખાતે જિલ્લાના પોલીસ કર્મચારી સાથે મહિલા સુરક્ષા અને પોલીસ વિષય પર આજથી બેદિવસનો સેમીનારનો પણ પ્રારંભ થયો છે. આ સેમીનારને ગાંધીનગર રેન્જ આઈ.જી. સમશેરસિંહ અને જિલ્લા પોલીસ વડા ચિરાગ કોરડીયાએ ખૂલ્લો મુક્યો હતો. આ સેમીનારમાં વિવિધ વક્તાઓ વર્તમાન પરિસ્થિતિમાં મહિલા વિરૂદ્ધની હિંસા અને પોલીસની ભૂમિકા, મહિલાલક્ષી કાયદા વિશે માર્ગદર્શન આપ્યું હતું.

# દાંતીવાડા તાલુકા પંચાયતમાં અપક્ષની બોલબાલા

## ભાજપ-૭, કોંગ્રેસ-૭ અને એક અપક્ષના ફાળે

દાંતીવાડા, તા.૧૯

ગુજરાત રાજયમાં તાલુકા પંચાયતોની ચૂંટણીના પરિણામ આવી ગયા છે. તેવામાં દાંતીવાડા તાલુકા પંચાયતનું પરિણામ ખુબ જ રસપ્રદ આવ્યું છે. જેમાં કુલ સીટ-૧૫ છે. જેમાંથી ૭ સીટ ભાજપ અને ૭ સીટ કોંગ્રેસ અને એક અપક્ષના ફાળે ગઈ છે. દાંતીવાડા તાલુકા પંચાયત કોણ હાંસલ કરશે તે લોકોના મુખે ખૂબ જ ચર્ચાનો વિષય બની રહ્યું છે. અને એક માત્ર અપક્ષ ઉમેદવાર આ તાલુકા પંચાયત કોના કબજામાં જશે તે નક્કી કરશે.

દાંતીવાડા તાલુકા પંચાયતનું પરિણામ જાહેર થતા ખુબ જ અચંબાની પરિસ્થિતિ ઉત્પન્ન થવા પામી હતી. અહિંયાની કુલ સીટ ૧૫ છે. જેમાંથી ૭ ભાજપ અને ૭ કોંગ્રેસ અને એક અપક્ષના ફાળે જતા અપક્ષને બંને પક્ષો દ્વારા મનાવવા માટે તનતોડ મહેનત કરવામાં આવી રહી છે. અત્યારે તો માત્ર અનુમાન જ કરવું રહ્યું કે કયા પક્ષની તાલુકા પંચાયત બનશે. દાંતીવાડા તાલુકામાં એક માત્ર અપક્ષ વિજય થતાં અપક્ષ ઉમેદવાર ખુબ જ ગેલમાં આવી જઈ અને કયા પક્ષ તરફ પોતાને ઝુકાવે છે તે દાંતીવાડા પંથકના લોકોએ જોવું રહ્યું.

# ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેરલિપનાં બે વિદ્યાર્થીને યુજીસીની રાજીવ ગાંધી નેશનલ ફેલોશિપ જાહેર

વલ્લભવિદ્યાનગર, તા.૧૯

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેન્ટર ફોર સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઓન લાઈફ એન્ડ વકર્સ ઓફ સરકાર વલ્લભભાઈ પટેલ (સેરલિપ)ના પી.એચ.ડી.ના વિદ્યાર્થી ચેતનકુમાર ગોવિંદભાઈ ચૌધરી (કમલાપોર, જિ. સુરત) અને કીર્તિબહેન નારણભાઈ પટેલ (બારડોલી)ને યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન (યુજીસી)ની વર્ષ ૨૦૧૨-૧૩ માટેની રાજીવ ગાંધી નેશનલ ફેલોશિપ જાહેર કરવામાં આવી છે. બંને વિદ્યાર્થી અનુસૂતિ જનજાતિ (એસટી)નાં છે. બંને વિદ્યાર્થી ઈતિહાસ વિષયમાં સરદાર પટેલ અંગે સેરલિપમાં અભ્યાસ કરી રહ્યાં છે. યુજીસી તરફથી પી.એચ.ડી.ના વિદ્યાર્થીને મહિને રૂ. ૨૨,૦૦૦ અને એમ.ફિલ.ની વિદ્યાર્થીનીને મહિને રૂ.૧૬,૦૦૦ની ફેલોશિપ ઉપરાંત અન્ય આર્થિક સહાય મળશે. સમગ્ર દેશમાંથી ૬૬૭ જેટલાં અનુસૂચિત જાતિનાં વિદ્યાર્થીને આ ફેલોશિપ જાહેર થઈ છે.

ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલ તથા સેરલિપના નિયામક પ્રા. હરિ દેસાઈએ બને વિદ્યાર્થીને અભિનંદન પાઠવ્યા હતા અને એવી અપેક્ષા વ્યકત કરી હતી કે સમગ્ર દેશમાં સરદાર પટેલના જીવન અને કાર્યો અંગે સંશોધન માટેની સર્વપ્રથમ અને એકમાત્ર સંસ્થા સેરલિપ આગામી દિવસોમાં પણ વધુ તેજસ્વી ઉપલબ્ધિઓ પ્રાપ્ત કરશે.

ગત વર્ષે સેરલિપનાં પાંચ વિદ્યાર્થીઓને યુજીસીની રાજીવ ગાંધી ફેલોશિપ પ્રાપ્ત થઈ હતી તેમાં એમ.ફિલ. (ઈતિહાસ)નાં ચાર વિદ્યાર્થી અને એમ.ફિલ. (રાજયનીતિશાસ્ત્ર)ના એક વિદ્યાર્થીને ફેલોશિપ એનાયત કરવામાં આવી હતી.

# પીએચ.ડી.ની પદવી એનાયત

તલોદ, તા. ૧૯

એચ.પી. આર્ટસ એન્ડ ટી.એસ.એમ. કોમર્સ કોલેજના અર્થશાસ્ત્રના અધ્યાપિકા કુ. જ્યોતિકાબેન ભાઈલાલભાઈ



પટેલે 'સાબરડેરીની આદિવાસી અને બિન આદિવાસી કુટુંબો પર પડેલી આર્થિક અને સામાજિક અસરો : એક અભ્યાસ' વિષય પર મહાશોધ નિબંધ લખ્યો છે. જેને ગુજરાત યુનિવર્સિટીએ માન્ય રાખી પીએચડી.ની પદવી એનાયત કરી છે. આ મહાશોધ નિબંધ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સી.યુ.શાહ કોમર્સ કોલેજના આચાર્ય ડો. નટુભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો હતો.



તસ્વીરઃ- કાંતીલાલ લોધા, ડીસા

મહાસુદ આઠમ ખોડીયાર જયંતિ નિમિત્તે જીલ્લાભરમાં આવેલ ખોડીયાર માતાજીના મંદિરમાં માઈ ભક્તો દ્વારા માતાજીના જન્મજયંતિની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવેલ. ઠેર ઠેર ભાવિભક્તો માતાજીની પૂજા અર્ચના બાદ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ. ડીસા શાકમાર્કેટ સામે આવેલ ખોડીયાર મંદિર ખાતે અનોખી રીતે ખોડીયાર જયંતિની ઉજવણી કરવામાં આવી હતી . ખોડીયાર જયંતિની ઉજવણી સાથો સાથ અહીં ચુંદુલાલ દ્વારા દિકરી વધાવો અભિયાન રાખી સમાજને એક શુભ સંદેશ આપવામાં આવ્યો હતો. અને ડીસા શહેરમાં આવેલ ડોલીવાસ વિસ્તારમાં આવેલ ખોડીયાર માતાના મંદિરે સાતમ નિમિતે રાત્રીજગો અને રાસ-ગરબાનું ભવ્ય આયોજન કરાયું હતું.

## દાંતીવાડા જિલ્લા પંચાયતની પેટા ચૂંટણીનું પરિણામ

દાંતીવાડા જિલ્લા પંચાયતની પેટા ચૂંટણી બે સીટ માટે યોજાઈ હતી. જેમાંથી પાંથાવાડા જિલ્લા પંચાયતની સીટ એ ભાજપના ફાળે તેમજ નાંદોદરા ઠાકોર વાસની સીટ એ કોંગ્રેસના ફાળે ગઈ છે. જિલ્લા પંચાયતની પેટા ચૂંટણીમાં કોંગ્રેસ અને ભાજપ દ્વારા પોતાના આગેવાનોને સાથે લઈ ખુબ જ પ્રયત્ન કરવા છતાં એક એક સીટથી સંતોષ માનવો પડયો છે.

## બાયડ હાઈસ્કુલનો પ્રથમ વાર્ષિકોત્સવ યોજાયો

બાયડ, તા.૧૯

બાયડ શહેરની શ્રી એન.એચ. શાહ હાઈસ્કુલનો પ્રથમ વાર્ષિકોત્સવ ગત તારીખ ૧૬ ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ ખૂબ જ ભવ્યતાપૂર્વક યોજાયો હતો. જેમાં શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે રાજ્ય ખેતી બેંકના ચેરમેન કનુભાઈ પટેલ ઉદઘાટક તરીકે મહેન્દ્રસિંહ ચૌહાણ મુખ્ય મહેમાન તરીકે ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હેમલતા પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં આવેલા મહાનુભાવો દ્વારા તેજસ્વી તારલાઓનું તથા નિવૃત્ત થતા કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

જેમાં શાળાને પાણીની ટાંકી માટે સાંસદ સભ્ય તરફથી ૩ લાખ અને ધારાસભ્ય તરફથી ૨ લાખની ગ્રાન્ટ આપવાની જાહેરાત કરી હતી. શાળાના આચાર્ય ઉન્મેષ પટેલે તમામ આવેલા મહેમાનો અને શિક્ષકોનો આભાર માન્યો હતો.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી
રવિવારે શો રૂમ
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પા
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮